| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૨૫.૧૦.૨૦૨૨ | | |
| દાખલ તારીખ | :: | ૨૫.૧૦.૨૦૨૨ | | |
| નિકાલ તારીખ | :: | ૨૩.૦૨.૨૦૨૩ | | |
| અવધિ | :: | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૩ | ૨૮ |

મહીસાગર જિલ્લાના મહેરબાન સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.લુણાવાડા.

*સેશન્સ કેસ નં. ૯૫/૨૦૨૨*
**આંક –**

**ફરીયાદી:–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**વિરૂધ્ધ**

**આરોપીઓ:–**

(૧) **દેસાઈભાઈ ડાહયાભાઈ કટારીયા**
ઉ.વ.૫૦
રહે. નવા પ્લોટ,રોહીતવાસ,બાલાશીનોર, જી.મહીસાગર

(૨) **અનોપસીહ સાંકળાભાઈ પરમાર**
ઉ.વ.૩૧
રહે. વડદલા તા.બાલાશીનોર જી.મહીસાગર

(૩) **હબીબખાન ઉર્ફે હબલો યાકુબખાન પઠાણ**
ઉ.વ.૩૦
રહે. હવેલી ફળીયુ રોઝવા તા.ગળતેશ્વર જી.ખેડા.

(૪) **અભેસીંહ જામસીહ પરમાર**
ઉ.વ. ૫૦
રહે. વડદલા તા.બાલાશીનોર જી.મહીસાગર

**ગુન્હો– ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ ૬(એ),૮ તથા પશુ તરફ ઘાતકી વર્તનના કાયદાની કલમ (ડી), (ઈ), (એફ) મુજબ..**

| |
|---|
| ફરીયાદીશ્રી સરકાર તરફે વિ.સ્પે.પીપીશ્રી **વી.એલ.સંભવાણી** |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી **એલ.એચ.પઠાણ** |

**–:: જજમેન્ટ ::–**

(૧) ફરીયાદીની ફરીયાદની ટુંકમા હકીકત એવી છે કે, આરોપી નં. ૧ અને ૨ કોઈપણ સક્ષમ અધીકારીને પાસ પરમીટ વગર એક સફેદ કલરનો બળદ ઉ.વ.આશરે ૫ નાને ગળામાં દોરડેથી બાંધી કતલ કરવાના ઈરાદે લઈ જતા સ્થળ પરથી પકડાઈ ગયેલ અને સદર બળદ તેઓએ આરોપી નં. ૪ પાસેથી લઈ આરોપી નં. ૩ ને કતલ માટે આપવા જવા હતા અને તેમ કરી આરોપીઓએ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ ૬(એ),૮ તથા પશુ તરફ ઘાતકી વર્તનના કાયદાની કલમ (ડી), (ઈ), (એફ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યા અંગેની ફરીયાદ બાલાશીનોર પોલીસ સ્ટેશન સેકેન્ડ ગુના રજીસ્ટ્રર નંબર ૪૩/૨૦૧૯ થી નોંધાતા આ કામના ત.ક.અ.નાએ જરૂરી કાર્યવાહી કરી લાગતા વળગતા સાહેદના નિવેદનો લઈ તપાસના અંગે આરોપી વિરૂધ્ધ પુરતા પુરવા જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

(૨) આ કામના આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ વિધ્વાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,બાલાશીનોરનાઓ સમક્ષ રજુ કરવામાં આવેલ અને ત્યાર બાદ તેમના દ્વારા આ કેસ સેસન્સ ટ્રાયેબલ હોઈ સેસન્સ કમીટ કરી ટ્રાયલ માટે આ ટ્રાયલ કોર્ટ સમક્ષ મોકલેલ છે.

(૩) આ કામના આરોપીઓ ને પોલીસ પેપર્સ ની નકલ મળી ગયેલ તે ખાત્રી કર્યા બાદ આંક–૦૬ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ જે તહોમતનામું આરોપીઓને વાંચી સંભળાવી સમજાવી આંક–૦૭ થી આંક ૧૦ નિવેદન લેતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા આ કેસનો ટ્રાયલ આ કામે ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**:: મૌખિક પુરાવાઓ ::**

| | | |
|---|---|---|
| ૧. | આંક–૧૧ | ફરીયાદી મહેન્દ્રસિંહ બાલુસિંહ ઠાકોરની જુબાની |
| ૨. | આંક–૧૪ | પી.એસ.ઓ.રમતુભાઈ ભુરાભાઈની જુબાની |
| ૩. | આંક–૧૭ | ત.ક.અમ.પી.એસ.આઈ.પી.જે.પંડયાની જુબાની |

**:: દસ્તાવેજી પુરાવાઓ ::**

| | | |
|---|---|---|
| ૧. | આંક–૧૨ | ફરીયાદ. |
| ૨. | આંક–૧૩ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ. |

| | | |
|---|---|---|
| ૩. | આંક–૧૫ | સ્ટેશન ડાયરીની નકલ. |
| ૪. | આંક–૧૬ | સુચીપત્ર. |
| ૫. | આંક–૧૮ | મુ.મા.બળદ સ્મૃતિ અહિંસા ટ્રસ્ટને સોંપ્યાની યાદી. |
| ૬. | આંક–૧૯ | બળદનો કબજો મળ્યાની ટ્રસ્ટની પાવતી. |
| ૭. | આંક–૨૦ | નડીયાદ ડીવીઝન સ્કોડ દ્વારા આરોપી હબીબખાનનો કબજો સેવાલીયા પો. સ્ટે.ને,બાલાશીનોર પો.સ્ટે.ને આપવાની યાદી. |
| ૮. | આંક–૨૧ | નડીયાદ ડીવીઝન સ્કોડ દ્વારા આરોપી હબીબખાનનુ શરીર સ્થિતીનુ કરેલ પંચનામુ. |
| ૯. | આંક–૨૨ | આરોપી હબીબખાનનુ નડીયાદ ડીવીઝન સ્કોડ દ્વારા ભરવામાં આવેલ ચહેરા નીશાન પત્રક. |
| ૧૦ | આંક–૨૩ | આરોપી હબીબખાનનો કબજો બાલાશીનોર પો.સ્ટે.ને લેવા માટે કરેલ ટેલીફોન વર્ધીની નકલ. |
| ૧૧ | આંક–૨૪ | ફરીયાદપક્ષ દ્વારા પુરાવા બંધની પુરશીસ. |

ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું આંક–૨૪ ની પુરસીસથી જાહેર કર્યા બાદ આરોપીઓનું ક્રિમનીલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઅ નુ વિશેષ નિવેદન લેવામાં આવ્યુ જેમાં બચાવ પક્ષે આ કામે કોઇ સોગંધ પર જુબાની આપેલ નથી કે બચાવ ના કોઇ સાહેદો તપાસેલા નથી અને આરોપી એ સદરહુ ગુના માં નિર્દોષ છે તેવી માગણી કરેલી છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ ફરીયાદપક્ષે વિધ્વાન.સ્પે.પી.પી.શ્રી વી.એલ.સંભવાણીનાઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે,આ કામમાં ફરીયાદપક્ષ દ્વારા આરોપીઓ વિરુધ્ધ જે તહોમત લગાવવામાં આવેલ છે તેના અનુસંધાને આંક ૧૧ થી ફરીયાદી એ.એસ.આઈ. મહેન્દ્રસીહ બાલુસીહને તપાસી તેમની જુબાનીમાં આંક ૧૨ થી અસલ ફરીયાદ રજુ કરેલ છે તથા આંક ૧૪ થી પી.એસ.ઓ.રમતુભાઈ ભુરાભાઈ બારીયાને તપાસેલ છે અને આંક ૧૭ થી આ ગુનાની તપાસ કરનાર અમલદાર પી.એસ.આઈ. પંડયાને તપાસેલ છે ફરીયાદી તથા ત.ક.અમ.કે જેઓ પણ બનાવ સમયે હાજર હતા તેમની જુબાનીમાં

તેમણે ફરીયાદપક્ષને સમર્થનકારી સ્પષ્ટ જુબાની આપેલ છે આ ઉપરાંત બનાવ વખતે સ્થળ પરથી આરોપી નં.૧ અને ર બળદ સાથે પકડાઈ ગયેલાનુ તેમણે જણાવેલ છે અને તે જગ્યાએ તેમણે પંચનામુ પણ કરેલ છે સદર પંચનામુ આરોપીઓના વિ.વ.શ્રી.એ કબુલ રાખેલ છે આમ જયારે આરોપીઓએ બનાવ વખતે પોતે બળદ લઈને જતા હોવાનુ કબુલ રાખેલ હોય તો આ કાયદાની કલમ ૬ પ્રમાણે આરોપીઓ સદર બળદને કતલ કરવાના ઈરાદે લઈ જતા હોવાનુ અનુમાન કરવુ જોઈએ અને જો આરોપીઓ આ અનુમાનનુ ખંડન ન કરે તો આરોપીઓને આ ગુના સબબ તકસીરવાન ઠરાવવા જોઈએ . આમ આરોપીઓ દ્વારા તમામ સાહેદોની જે ઉલટતપાસ કરેલ છે તેમાં તેમણે આ કાયદામાં જે અનુમાન કરવાની જોગવાઈ કરેલ છે તેનો કોઈ ખંડનાત્મક પુરાવો રજુ કરેલ નથી.આમ ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો ગુનો નિશંકપણે પુરાવાર કરી શકેલ હોય આરોપીઓને તકસીરવાન ઠરાવી કડક સજા કરવા અરજ ગુજારેલ છે.

(૬) આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી પઠાણે રજુઆત કરતા જણાવેલ છે કે આરોપી નં. ૧ અને ર ખેડુત વર્ગના માણસો છે અને ખેડૂતમાં જો કોઈ ખેડૂત પાસ ે બે બળદની જોડી ન હોય તો બીજા કોઈ ખેડૂત પાસેથી એક બળદ ખેતી કામ માટે લાવી તેની પાસેના બળદની સાથે રાખી ખેતી કામ કરતા હોય છે આ કામમાં પણ આરોપીઓ ખેતી કામ માટે બીજા આરોપી પાસેથી બળદ લઈને ખેતી કામ માટે લઈ જતા હતા અને તેઓનો આ બળદને કતલ કરવાનો કોઈ ઈરાદો ન હતો આ ઉપરાંત આરોપી નં. ૪ પાસેથી આ બળદ લાવેલાનો કોઈ પુરાવો નથી આ ઉપરાંત આરોપી નં. ૩ પશુઓની કતલ કરતા હોય કે કતલ કરવાનો ધંધો કે વ્યવસાય કરતા હોય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવેલ નથી. આ ઉપરાંત ત.ક.અમ.દ્વારા આરોપી .નં. ૩ ના ઘરે પણ ગયેલ નથી આ ઉપરાંત બચાવપક્ષ દ્વારા આરોપીઓના ખેતરો અને રહેઠાણ બનાવવાળી જગ્યાની નજીકમાં હોવાનો રેવન્યુ પુરાવો તેઓના ક્રિ.પ્રો.કો.ક.૩૧૩ ના નીવેદન સાથે લીસ્ટથી રજુ કરેલ છે. આ હકીકત જોવામાં આવે તો આરોપી દ્વારા કલમ ૬ ની અનુમાનની જોગવાઈના અનુસંધાને ખંડનાત્મક પુરાવો રજુ કરેલ છે આથી આરોપીઓ વિરુધ્ધ અનુમાન થઈ શકે નહી.આ ઉપરાંત ત.ક.અમ.દ્વારા બનાવવાળી જગ્યાએ ઘણા બધા માણસોની અવર જવર વાળો વિસ્તાર હોવા છતા

અને તે જગ્યાએ ઘણી બધી દુકાનો અને હોટલો આવેલ હોવાનો કબુલ કરેલ હોવા છતા કોઈ સ્વતંત્ર સાહેદના નીવેદનો લીધેલ નથી.આમ ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો ગુનો નિશંકપણે પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓની ર્નિદોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૭) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોતા આ કામના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત શંકા રહીત પુરવાર કરી શકે છે કે, આ કામના આ કામના આરોપી નં. ૧ અને ૨ આરોપી નં. ૪ પાસેથી બળદ લઈ આરોપી નં. ૩ ને કતલ કરવા માટે આપવા જતા પકડાઈ ગયેલ છે અને તેમ કરી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ ૬(એ),૮ તથા પશુ તરફ ઘાતકી વર્તનના કાયદાની કલમ (ડી), (ઈ), (એફ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દા ના મારા નિર્ણયો નિચે મુજબ છે.

૧. નકારમાં .

૨. આખરી હુકમ મુજબ.

૯. **મુદ્દા નં.૧**

## કારણો.

**૧૦.** આ કામમાં ફરીયાદપક્ષના કેસ પ્રમાણે આરોપી નં. ૧ અને ૨ કોઈપણ સક્ષમ અધીકારીને પાસ પરમીટ વગર એક સફેદ કલરનો બળદ ઉ.વ.આશરે ૫ નાને ગળામાં દોરડેથી બાંધી કતલ કરવાના ઈરાદે લઈ જતા સ્થળ પરથી પકડાઈ ગયેલ અને સદર બળદ તેઓએ આરોપી નં. ૪ પાસેથી લઈ આરોપી નં. ૩ ને કતલ માટે આપવા જવા હતા અને તેમ કરી આરોપીઓએ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ ૬(એ),૮ તથા પશુ તરફ ઘાતકી વર્તનના કાયદાની કલમ (ડી), (ઈ), (એફ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

૧૧. આ કામમાં ફરીયાદપક્ષ દ્વારા આરોપીઓ વિરુધ્ધનો ગુનો પુરવાર કરવા માટે આંક ૧૧ થી ફરીયાદી મહેન્દસીહ બાલુસીહ ઠાકોર,એ.એસ.આઈ. બાલાશીનોરને તપાસી તેમની જુબાનીમાં આંક ૧૨ થી અસલ ફરીયાદ રજુ કરેલ છે તેમણે તેમની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, તા.૯/૬/૧૯ ના રોજ હુ તથા પી.એસ.આઈ.પંડયા,પો.કો. જયરાજસીહ, વનરાજસીહ,હર્ષદભાઈ નાઓ બાલાશીનોર ટાઉન વીસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે અમારી સાથેના પો.કો.જયરાજસીહનાઓને બાતમી મળેલ કે બે ઈસમ એક સફેદ કલરનો મોટા શીંગડાવાળો બળદ વડદલા ગામેથી ચાલતા બાલાશીનોર માનવ હોટલ પાસે થઈ રોઝવા ગામે કતલખાને જનાર છે જેથી બાલાશીનોર માનવ હોટલની પાછળ બૈડપ જવાના રોડ પર વોચમાં ઉભા હતા તે વખતે આશરે ૬ વાગ્યાના સુમારે બાતમી હકીકત વાળો બળદ લઈને બે ઈસમો આવેલ જે અમો પોલીસને જોઈ બળદ મુકી નાસવા લાગેલ જેને અમોએ પંચો રુબરુ પકડી લીધેલ અને તેઓનુ નામ ઠામ પુછતા એકનુ નામ દેસાઈભાઈ ડાહયાભાઈ કટારીયા રહે. બાલાશીનોર બીજા ઈસમનુ નામ ઠામ પુછતા તેનુ નામ અનોપસીહ સાંકળભાઈ રહે. વડદલા તા.બાલાશીનોરના હોવાનુ જણાવેલ. બંને ઈસમોને બળદ કયાંથી લાવેલ અને કયાં લઈ જવાનુ પુછતા વડદલા ગામના અભેસીંહ પાસેથી બળદ લઈ રોઝવા ગામના હબીબખાન યાકુબખાન પઠાણને આપવાનો છે તેમ જણાવેલ. તેમની પાસ પરમીટ માંગતા નહી હોવાનુ જણાવેલ આ બળદની કીમંત આશરે રુ.૧૫૦૦૦/– ની હતી અને તેની ઉંમર આશરે પાંચ વર્ષની હતી.આરોપીઓના વિ.વ.શ્રી.એ તેમની લંબાણપૂર્વક ઉલટતપાસ કરેલ છે તેમાં તેઓએ કબુલ રાખેલ છે કે,માનવ હોટલ વ્યસ્ત વિસ્તાર છે અને તેની બાજુમાં ગેરેજ અને કેબીન આવેલ છે. આ જગ્યાએ મોડે સુધી વસ્તીની અવર જવર રહેતી હોય છે માનવ હોટલથી બૈડપ જવાના રોડ પર હીજરીપીરની વાવ આવેલ છે અને તે જગ્યાની આજુબાજુ ખેતીની જમીન આવેલ છે અને ત્યા મોડા સુધી માણસોની અવર જવર હોય છે તેમણે આરોપીઓ દ્વારા મુકવામાં આવેલ બચાવ બાબતે તેમને ખબર ન હોવાનુ જણાવેલ છે.

**૧૨.** ફરીયાદપક્ષ દ્વારા આંક ૧૪ થી ફરીયાદીની ફરીયાદ મુજબનો ગુનો દાખલ કરનાર પી.એસ.ઓ.રમતુભાઈ ભુરાભાઈ બારીયાને તપાસેલ છે અને તેમણે સદર ફરીયાદ મુજબનો ગુનો દાખલ કરેલાનુ જણાવેલ છે.

**૧૩.** આ ઉપરાંત ફરીયાદપક્ષ દ્વારા આંક ૧૭ થી બનાવ સમયે હાજર અને આ ગુનાની ત.ક.અમ.પી.એસ.આઈ પંડયાને તપાસેલ છે અને તેમણે પણ ફરીયાદ મુજબની હકીકત જણાવેલ છે અને તેમણે ગુનાના અનુસંધાને જે તપાસની કાર્યવાહી કરેલ તે ક્રમાનુસાર જણાવેલ છે. આરોપીઓના વિ.વ.શ્રી.એ તેમની પણ લંબાણપૂર્વક ઉલટતપાસ કરેલ છે અને આ સાહેદે પણ બનાવ સ્થળની ભૌગોલીક પરિસ્થિતી બાબતે પણ ફરીયાદીએ જે હકીકત કબુલ રાખેલ તે કબુલ રાખેલ છે આ સીવાય તેમણે પણ બચાવપક્ષ દ્વારા રજુ કરેલ બચાવ અંગે તેમને કોઈ જાણ ન હોવાનુ જણાવેલ છે.

**૧૪.** આ કામમાં ત.ક.અમ.દ્વારા બનાવવાળી જગ્યાનુ અને આરોપી નં. ૧ અને ૨ પાસેથી જે બળદો મળી આવેલાનુ પંચનામુ કરેલ છે તે આ આરોપીઓ દ્વારા આરોપીઓની કહેવાતી કબુલાત સીવાયની હકીકત કબુલ રાખી આંક પાડી પુરાવામાં વંચાણે લેવામાં આવે તો વાંધો ન હોવાનો શેરો કરતા તે પંચનામાને આંક ૧૩ આપવામાં આવેલ છે.આમ પણ જયારે આરોપી પોલીસ કસ્ટડીમાં આવી જાય ત્યારબાદ તેણે ફરીયાદપક્ષના કહેવા પ્રમાણે કોઈ કબુલાત કરેલ હોય તો પણ તે એવીડેન્સ એકટની કલમ ૨૫ પ્રમાણે પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહી.આમ છતા આરોપી નં. ૧ અને ૨ ના એ બનાવ વખતે તેઓ બળદ લઈને જતા હોવાનુ કબુલ રાખેલ છે.

**૧૫.** ફરીયાદપક્ષ દ્વારા ફરીયાદ,પંચનામુ અને આરોપીની તેઓ બળદ લઈને જતા હોવાની કબુલાતના આધારે આરોપીઓ વિરુધ્ધ કલમ ૬ અન્વયનુ અનુમાન કરવાની રજુઆત કરેલ છે પરંતુ આરોપી દ્વારા સ્પષ્ટ પણે એવો બચાવ લીધેલ છે કે, આરોપીઓ ખેડૂત વર્ગના છે અને આરોપી દેસાઈભાઈની બેડપ મુકામે અને આરોપી અનોપસીહની વડદલા મુકામે ખેતીની જમીન આવેલ છે અને દેસાઈભાઈ અને અનોપભાઈ પાસે એક

એક બળદ આવેલ છે અને તે સૂંઢેલ છે અને આ કારણસર દેસાઈભાઈ કે અનોપભાઈને બળદની જરુર હોય તો એકબીજાના બળદો લઈ જાય છે અને ખેતીનુ કામ પુરુ થાય એટલે પાછા આપી જાય છે. બનાવ વખતે આરોપી અનોપભાઈના ઘરેથી બળદ લઈને દેસાઈભાઈને ત્યા જતા હતા આરોપીઓ દ્વારા કલમ ૬ ના અનુમાનના અનુસંધાને ખંડનાત્મક પુરાવો રેકર્ડ પર લાવવા માટે ઉપરોકત બચાવ રજુ કરેલ છે. કોઈ પણ કાયદામાં વિરુઘ્ધનુ અનુમાન કરવાની જોગવાઈ હોય તો આરોપીઓ દ્વારા ખંડનાત્મક પુરાવો પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી ના સ્વરુપમા આપવાનો હોય છે. આરોપી દ્વારા આવો પુરાવો નિશંકપણે સાબીત કરવાનો હોતો નથી અને તેમણે સામાન્ય માણસને ગળે ઉતરે તેવો પુરાવો આપવાનો હોય છે કાયદાના પ્રસ્થાપિત સિઘ્ધાંત પ્રમાણે આરોપી દ્વારા કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવાની જરુર નથી અને તેઓ સાહેદની ઉલટતપાસ દ્વારા પણ આવો ખંડનાત્મક પુરાવો રેકર્ડ પર લાવી શકે આ કામમાં બચાવપક્ષ દ્વારા સાહેદની ઉલટતપાસમાં આવો પુરાવો રેકર્ડ પર લાવવાનો પ્રયત્ન કરેલ છે આ ઉપરાંત તેમણે તેમના ક્રિ.પ્રો.કો.ક.૩૧૩ ના નીવેદન સાથે આરોપી નં. ૧ થી ૩ ખેડૂત હોવાનુ બતાવવા આંક ૨૬ ના લીસ્ટથી તેઓની ખેતીની જમીનના ૮/અ તથા ૭/૧૨ ના ઉતારા રજુ કરેલ છે તે જોતા આરોપી નં. ૧ દેસાઈભાઈ ડાહ્યાભાઈ નાઓને હાંડીયા (બાલા)તા.મહીસાગરને તથા આરોપી અનોપભાઈ સાંકળભાઈને મોજે વડદલા તા.બાલાશીનોર તથા આરોપી અભેસીહ જામાભાઈને મોજે વડદલા તા.બાલાશીનોર તથા આરોપી હબીબખાન ઉર્ફે યાકુબખાનને રોઝવા તા.ગળતેશ્વર જી. ખેડા ખાતે ખેતીની જમીન આવેલ હોવાનુ જણાઈ આવે છે ફરીયાદપક્ષ દ્વારા આરોપી નં. ૧ દેસાઈભાઈ ડાહ્યાભાઈનુ ખેતર અને આરોપી નં.૨ અનોપભાઈનુ ખેતર બનાવવાળી જગ્યાની નજીકમાં આવેલ નથી તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી આમ આરોપીઓ દ્વારા ફરીયાદપક્ષ દ્વારા જે કલમ ૬ પ્ર માણે આરોપીઓ વિરુઘ્ધનુ અનુમાન કરવાની રજુઆત કરેલ છે તેના અનુસંધાને બચાવપક્ષ દ્વારા જે ખંડનાત્મક મૌખીક અને તેના અનુસંધાને દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે તે સામાન્ય માણસને ગળે ઉતરે તેવો છે.

**૧૬.** આ ઉપરાંત ફરીયાદપક્ષની હકીકત જોવામાં આવે તો આરોપી નં. ૧ અને ૨ સદર બળદને ગળામાં દોરડુ બાંધીને લઈ જતા હતા આથી જો આરોપીઓનો ઈરાદો સદર બળદને કતલ કરવા માટે લઈ જવાનો હોય તો તેઓ આ બળદ તેમનો હોવાનુ છુપાવવા માટે બળદને ગળામાં દોરડુ બાંધીને લઈ જાય નહી. આ ઉપરાંત બળદની ઉંમર પ વર્ષની હોવાનુ જોતા તથા બળદ શારીરીક રીતે સ્વસ્થ ન હોવાનો કોઈ પુરાવો ન હોવાથી કોઈ પણ ખેડૂત પોતાના સારા સાજા બળદને કતલખાને આપી દે તે માની શકાય નહી આ ઉપરાંત કોઈ પણ ખેડૂત પોતાના ગાય,બળદ,ભેંસ,બકરી જેવા ઢોરઢ ાંખરને પોતાના ઘરના સભ્યની જેમજ માનતા હોય છે આથી કોઈપણ ખેડૂત પોતાના ઢોરને કતલખાને આપી આવે તે માની શકાય નહી.

**૧૭.** આ ઉપરાંત ત.ક.અમલદારે કબુલ રાખેલ છે કે, બનાવવાળી જગ્યાએ ઘણા બધા માણસોની અવર જવર હોવા છતા કોઈ સ્વતંત્ર સાહેદનુ નીવેદન લીધેલ નથી. જે હકીકત ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થિત કરે છે.

**૧૮.** આ ઉપરાંત ફરીયાદપક્ષના કેસ પ્રમાણે આરોપી નં. ૧ અને ૨ આરોપી નં. ૪ પાસેથી બળદ લાવીને આરોપી નં. ૩ ને ત્યાં કતલ માટે આપવા માટે જતા હતા પરંતુ આરોપી નં. ૧ અને ૨ નો આવો કોઈ ગુનાહીત ભુતકાળ હોય તેવુ રેકર્ડ પર લાવેલ નથી.આ ઉપરાંત આ હકીકત બાબતે પણ તેમણે કોઈ સાહેદોનો મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી આ ઉપરાંત તેમણે આોરપી નં. ૪ ના ઘરના કોઈ સભ્ય કે આજુબાજુના પાડોશીઓના આ બળદ આરોપી નં. ૪ નો હોવાનુ રેકર્ડ પર લાવવા માટે કોઈ નીવેદન નોંધેલ નથી કે તે બાબતે તપાસ કરેલ નથી.

**૧૯.** આ ઉપરાંત આરોપી નં. ૩ પશુઓની કતલ કરતા હોય તેવો કોઈ પુરાવો મેળવેલ નથી ત.ક.અમ.આ બળદ પકડાયા બાદ આરોપી નં. ૩ ના ઘરે ગયા હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે આરોપી નં. ૩ ના ઘરે જઈ તેના ઘરેથી પશુઓને કતલ કરવાના કોઈ સાધનો મેળવેલ નથી કે આજુબાજુના રહીશોના આરોપી નં. ૩ પશુના કતલ કરવાનો ધંધો કરતો હોય તેવા નીવેદન નોંધેલ નથી.

**૨૦.** આ ઉપરાંત આરોપી નં. ૩ અને ૪ બાબતે જે કાંઈ હકીકતો જણાવેલ છે તે આરોપી નં. ૧ અને ૨ ની પુછપરછના અનુસંધાને જણાવેલ છે અને તેમની અટક કરેલ છે.પરંતુ કોઈ પણ આરોપીના નીવેદના અનુસંધાને કોઈ પણ આરોપીને અટકપણ ન કરી શકાય આ

ઉપરાંત ચાર્જશીટમાં પણ આરોપી નં. ૩ અને ૪ નાઓ તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ ગયેલાનુ જણાવેલ છે પરંતુ તેઓ આ ગુનામાં કેવી રીતે સંકળાયેલ કે સંડોવાયેલ છે તે અંગે લેશ માત્ર હકીકત જણાવેલ નથી.

૨૦. આમ, ઉપરોકત કરેલ સમગ્ર પુરાવાની ચર્ચાને અંતે આ કામના આરોપીઓને હાલના ગુના સાથે સાંકળતો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવી શકયો નથી એટલે પર્યાપ્ત પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી હુ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ હુકમ ફરમાવુ છું.

## :: આખરી હુકમ ::

૧) આ કામના આરોપીઓ **૧**. દેસાઈભાઈ ડાહયાભાઈ કટારીયા ઉ.વ.૫૦ રહે. નવા પ્લોટ,રોહીતવાસ,બાલાશીનોર, જી.મહીસાગર **૨.**અનોપસીહ સાંકળાભાઈ પરમાર ઉ.વ.૩૧ રહે. વડદલા તા.બાલાશીનોર જી.મહીસાગર.**૩.** હબીબખાન ઉર્ફે હબલો યાકુબખાન પઠાણ ઉ.વ.૩૦ રહે. હવેલી ફળીયુ રોઝવા તા.ગળતેશ્વર જી.ખેડા.**૪.** અભેસીંહ જામસીહ પરમાર ઉ.વ. ૫૦ રહે. વડદલા તા.બાલાશીનોર જી.મહીસાગર ઉ.વ.૩૪, ધંધો.મજુરી, રહે,સરકારી ચમારીયા, તળાવ ફળિયું, તા.લુણાવાડા, જી.મહીસાગર.નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫ (૧) અન્વયે ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ ૬(એ),૮ તથા પશુ તરફ ઘાતકી વર્તનના કાયદાની કલમ (ડી), (ઈ), (એફ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે અપીલ થાય તો અપીલના કામે હાજર હેવા માટે આરોપીઓએ ૬ માસના સમયગાળા માટે રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમના જાત જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આ કામે કબ્જે લીધેલ બળદ આરોપી નં.૨ અનોપસીહ સાંકળસીહ ચૌહાણ શ્રી ગીતાબેન રાબીયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટને નિયમ અનુસાર સદર બળદ તેમની પાસે જેટલા વખત રહેલ છે તેટલા સમયના ખર્ચની રકમ ચુકવ્યેથી તેમને અપીલ સમય બાદ સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૪) જામીન જીલ્લા રજીસ્ટ્રારશ્રી રૂબરૂ આપવા.

હુકમ આજરોજ તારીખ ૨૩મી માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૨/૨૦૨૩
લુણાવાડા.

**(એચ.એ.દવે)**
સેશન્સ જજ, લુણાવાડા. જી.મહીસાગર
કોડ નં. જીજે.૦૦૩૮૫